

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છે સરખાણમી દ્વેષની, વાત વિકાસની નથી,*
*ઉત્પાદન ઈર્ષાનું પણ વાત વિકાસની નથી,*
*ફિકાસ છે પ્રગતિમાં અને રાષ્ટ્રની ઉન્નતિમાં -*
*સ્પર્ધા છે માત્ર ચૂંટણીની વાત ધગશની નથી*

### હાઈકુ

*સરખાવો ના -*
*માત્ર એટલું કહો -*
*તમે શું કર્યું ?*

*અખંડ રાષ્ટ્ર*
*મામે મત - વિસ્તારે -*
*રાષ્ટ્રના વડા...*

### ચિંતન

**મન કા મસ્તક મૂંડ લે, કામ ક્રોધ કા કેશ**
**જો પાંચો કો વશ કરે, તો ચેલા, સબ દેશ**

**ઉપરોક્ત સાખી 'કહત કબીરા'માંથી લેવામાં આવેલ છે.**

**આવા સાધુના વેશધારીઓને કોઈ પણ રીતે કંઈ પણ કરી, સાચા ખોટા ઉપદેશ આપી મોટા મહાત્મા હોવાનો દેખાવ ઊભો કરે છે. અને અનેક અંધશ્રદ્ધાળુઓ તેના ચેલા બને છે. આવા સાધુના સ્વાંગમાં ફરનારાઓને કબીર કહે છે કે અંધશ્રદ્ધાઓ તારા અનુયાયીઓ જરૂર બનશે પણ દેશ અને દુનિયા તને અનુસરે એવી તારી ઈચ્છા હોય તો હું કહું તેવો સાધુ બન ! પ્રથમ મનરૂપી મસ્તક પરથી કામ-ક્રોધ અને અહંકાર રૂપી કેશને મૂંડીને દૂર કર. જો તું મન અને પાંચે ઈન્દ્રિયોને વશ કરીશ તો દુનિયાના માનવીઓ તારા ચેલા બનશે.**

**સાધુ-બાવાનો વેશ પહેરી લેવો કે મૂંડ મૂડાવી થયા સન્યાસી એ તો સરળ છે પણ મન રૂપી મસ્તક મૂંડાવવું જોઈએ ઈચ્છાનો ત્યાગ કરી કામ-ક્રોધ-લોભ-મોહ અને અહંકારને દૂર કરવો જોઈએ; તો જ સાચા સંત-મહાત્મા બની શકાય.**

### સુવિચાર

- સફળતા 'એક દીન' મેં નહીં મિલતી, મગર ઠાન લો તો 'એક દીન' જરૂર મિલતી હૈ - **ઈકબાલ પટેલ**
- ભલાઓઓને બુરાઓની બરાબર થઈ જવું પડશે,
  હશે પારસમણી એનેય પથ્થર થઈ જવું પઢશે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઢગલો પુસ્તકો વાંચીને બે લીટી પણ નથી લખી શકાતી, પણ એક કડવો અનુભવ તમને આખું પુસ્તક લખાવી શકે - **શાહબુદ્દીન રાઠોડ**
- સમાજની કડવી વાસ્તવિકતા : દોસ્ત કોઈ અન્ય જાતિનો હશે પણ દુશ્મન આપણી જ જાતિનો હશે - **જનકલ્યાણ**
- જેનામાં શાંતિનો નિવાસ નથી, તેના બધા જ સદ્ગુણ વ્યર્થ છે - **દાદા ભગવાન**
- પોતાના પર અસીમ વિશ્વાસ સ્થાપિત કરવો અને એકલા બેસીને અંતઃકરણનો અવાજ સાંભળવો તે વીર પુરુષનું કામ છે - **બાઈબલ**
- આજનું ઔષધ : વાલ (કઠોળ)નું શાક ખાવાથી સુવાવડી માતાને ધાવણ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત પાસે એક માણસ ગયો. તેણે કહ્યું, 'મારે તમારી જેમ દુનિયાનું તમામ જ્ઞાન જાણવું છે, મને તમારો શિષ્ય બનાવો.' સંત હસી પડ્યા. એટલે પેલા માણસે પૂછ્યું, 'કેમ તમે મને જ્ઞાન આપવાને પાત્ર નથી ગણતા ?' સંતે કહ્યું, 'હું તારા પર નથી હસતો, મને એક નાના છોકરાની વાત યાદ આવી એટલે હસું છું.' પેલા માણસે પૂછ્યું, 'આપણા બે વચ્ચે થતી જ્ઞાનની વાતમાં તમને નાનો છોકરો યાદ આવી ગયો ?' સંતે કહ્યું, 'એ નાના છોકરાએ મને જીવનનું સૌથી મોટું જ્ઞાન આપ્યું હતું.' પેલા માણસે પૂછ્યું, 'મને સમજાવો કે નાનું બાળક તમારા જેવા મહાન માણસને જ્ઞાન કઈ રીતે આપી શકે ?' સંતે કહ્યું, 'એક સવારે હું દરિયા કિનારે ચાલવા નીકળ્યો હતો. એ વખતે મેં એ નાના છોકરાને નાનું વાસણ લઈને કિનારે ઊભેલો જોયો, એના ચ્હેરા પર ચિંતાના ભાવ હતા, મેં એને પૂછ્યું, 'શું થયું? કેમ ચિંતામાં છો?' છોકરાએ કહ્યું, 'આ સમુદ્ર મારે ઘરે લઈ જવો છે. પણ તે મારા આ વાસણમાં સમાતો નથી! પહેલા મને પણ હસવું આવી ગયું પછી મને સમજાયું કે હું પણ તે બાળકની જેમ વ્યર્ત કોશિશ કરી રહ્યો છું. હું જીવનનું સંપૂર્ણ સત્ય અને તમામ જ્ઞાન પ્રાપ્ત કરવા મથી રહ્યો છું, એ દિવસથી મેં જ્ઞાની હોવાનો અહંકાર છોડી દીધો અને તમામ જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉધામા પણ છોડી દીધા, મને એ બાળકે સમજાવ્યું કે જગતનું જ્ઞાન અગાધ છે, એ સંપૂર્ણ પ્રાપ્ત કરવું અશક્ય છે.'

# કોંગ્રેસને ઘર સાચવતાં નથી આવડતું

**તંત્રીસ્થાનેથી...**

કર્ણાટક હોય કે ગુજરાત : કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષમાં છાશવારે ભંગાણ અને અસંતોષની ઘટનાઓ બનવા લાગીછે એ પરથી એટલું જ તારણ નીકળે કે કોંગ્રેસને ઘર સાચવતાં નથી આવડતું. ગુજરાતની ઊંઝા ઘટના ભલે હાસ્યાસ્પદ અને વખોડવાપાત્ર લાગે પણ એમાં કોંગ્રેસની પ્રાદેશિક નેતાગીરીથી લઈ રાષ્ટ્રીય નેતાગીરી પ્રત્યે એક નવાં-સવાં અને ખરા અર્થમાં રાજકારણી નહીં એવાં મહિલા ધારાસભ્યનો પુણ્યપ્રકોપ પાર્ટીના અણઆવડત તો છતી કરે જ છે. ઊંઝા એ ખેરાલું અને સિદ્ધપુર તાલુકામાં ગામડાં તોડીને બનાવાયેલો બે નવા તાલુકા અનુક્રમે વડનગર અને ઊંઝાની વિધાનસભા બેઠક વર્ષોથી એક જ પરિવાર હસ્તક હતી. અગાઉ તે શંકરલાલ ગુરુના હવાલે થતી રહી અને 'કોંગ્રેસ મુક્ત' થયેલ ઊંઝાના ખમતીધર પાટીદારો - ઉમાપૂજકો એ પછી એને કાનજીભાઈ 'કાનજીકાકા' મૂળે ચિમનભાઈ પટેલના વિશ્વાસુ કાર્યકર્તા. ચિમનભાઈ પોતે પણ ઊંઝા આવીને ધારાસભ્ય બનવાનો લહાવો લૂંટી ચૂક્યા હતા. ડોલરિયા નગરીની જીરું-વરિયાળીની સુગંધી એકાએક અવળી દિશામાં ફંટાઈ એનું કારણ નારાયણકાકાની હેટ્રિકથી સરજાયેલી એન્ટી ઈન્કમ્બન્સી હતી. એક રૂપાળો ચહેરો રમતો મૂકી દઈ કોંગ્રેસે જાણે બગાસું ખાતાં પતાસું મોઢામાં આવી ગયું હોય એમ ઊંઝાની ભાજપની અસ્કામત ગણાતી બેઠક પોતાની ઝોળીમાં સેરવી તો લીધી, પણ એને સાચવતાં ન આવડી. કુંવરજી બાવળિયા જેવા જૂના જોગીથી લઈ આશાબહેન પટેલ જેવાં નવાં નિશાળિયાં સુધીના આગેવાનોને કોંગ્રેસ પ્રત્યે આટલી નારાજગી કેમ છે? આ રોગનું ખરું કારણ કોંગ્રેસ પાસે ખૂટી ગયેલો આત્મવિશ્વાસ છે. એને એક જ પરિવાર સામે તાકી રહેવાનું છે. અગાઉ પંડિત નહેરુનું વર્ચસ્વ હતું છતાં બીજી હરોળના નેતાઓનું પણ વજન હતું, વોઈસ હતો. ઈંદિરા ગાંધીએ એકહથ્થું મોદી બ્રાન્ડ શાસન ચલાવ્યું. પાર્ટીની કમ્મર જ તૂટી ગઈ. એક જ પરિવારની પેઢી જેવી બનેલી કોંગ્રેસના મુનીમ પાછા ગુજરાતી મુસલમાન છે. એટલે ગુજરાતની રખેવાળીની જવાબદારી સ્વાભાવિક રીતે જ એમની છે. માધવસિંહથી લઈ ચિમનભાઈ પટેલ કે છેલ્લે શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં જે ઉપેક્ષા થઈ રહી, એથી નવી નેતાગીરીને વિકસવાની તક જ નથી રહી. જે બીજી હરોળની અને ગુજરાતી નેતાઓની બીજી પેઢીની વારસાગત નેતાગીરી ઊપસી તે સદંતર નિષ્ફળ નીવડી છે. આવા સંજોગોમાં જ્યારે બાવળિયો બળવો પોકારે ત્યારે આશાભરી ઊંઝા બાલિકાને પણ સળવળાટ ન થાય તો જ નવાઈ. તેજશ્રી પટેલ જેવાં તેજસ્વી મહિલાએ કોંગ્રેસ છોડીને કશું મેળવ્યું હોય એવું લાગતું નથી. એ જ રીતે આ આશાબહેન પણ કોંગ્રેસ છોડ્યા પછી નિરાશાબહેન જ બની રહેશે એવો લોકમત પ્રવર્તી રહ્યો છે. ફાયદો ભારતીય જનતા પાર્ટીને પણ થશે - એવું છાતી છોકીને તો નીતિન પટેલ પણ નહીં કહી શકે. નીતિનભાઈ પાર્ટીમાં જ ઉપેક્ષિત રહીને પણ મજબૂત નેતા તરીકે ઊપસતા રહ્યા છે. નીતિનભાઈ સામે કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડેલા પૂર્વ સાંસદ સુરતી નાણાંના જોરે રાજકારણમાં રમતાં જીવાભાઈને ભાજપમાં ભેળવી દેવાની એમના મતદારો ભાજપમાં આવી જશે એવા ભ્રમમાં રાચવાની જરૂર નથી. પ્રજા હવે ગાંડી નથી કે આવા પક્ષપલટુઓને પેસવા દે. પરંતુ એ સાચું કે કોંગ્રેસમાં ઘર સાચવવાની આવડત નથી એનો સીધો લાભ ભાજપને થઈ શકે એમ છે. ઉત્તર ગુજરાતના વડાપ્રધાનના પોતાના જ વતનની બેઠક પર કોંગ્રેસની ઓછી અથવા તદ્દન નવીસવી મહિલા ઉમેદવાર ચૂંટાઈ આવે તે વડાપ્રધાનની નામોશી હતી. એ હવે દૂર થઈ છે!

# ગરીબ વર્ગો માટે રહેઠાણની જમીન સંપાદન કરવાની મ્યુનિસિપલ કમિશ્નરને સત્તા



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

કોર્પોરેશનને કમિશ્નર તરફથી વિજ્ઞપ્તી મળે તે ઉપરથી તેમની પાસે હોય તેવી બીજી માહિતી ઉપરથી ખાતરી થાય કે શહેરના કોઈપણ વિભાગમાં કોઈપણ વિસ્તારની અંદર ગરીબ વર્ગો માટે રહેણાંકની સગવડ પુરી પાડવાનું જરૂરી છે અને સુધારણા યોજના કર્યા સીવાય તેવી ઈમારતની સગવડની અનુકુળતાથી જોગવાઈ કરી શકાશે તો કોર્પોરેશન પ્લાન કરીને એવા વિસ્તારની સીમા નક્કિ કરાવશે અને કમિશ્નરને અધિકૃત કરતો કોઈ ઠરાવ પસાર કરશે અને તે ઉપરથી કમિશ્નર તેવી રહેઠાણની સગવડની જોગવાઈઓ કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન એકટની કલમ ૨૮૪(૨)(આઈ) મુજબ શરતો અનુસાર કરી શકે છે.

કોર્પોરેશનની માલિકિની કોઈપણ જમીન ઉપર આવા કોર્પોરેશનને તે હેતુ માટે સંપાદન કરેલી કોઈપણ જમીન ઉપર મકાન બાંધીને કે બીજી કોઈપણ રીતે કોર્પોરેશનની માલિકિની કોઈપણ ઈમારતો ગરીબ વર્ગો માટે રહેઠાણમાં ફેરવીને કોર્પોરેશનને મળેલ હોય તેવી કોઈપણ ઈમારતમાં અથવા જે ઈમારતોમાં કોર્પોરેશનને કોઈ મિલ્કત અથવા હિત સબંધ મેળવેલી હોય તેવી ઈમારતમાં ફેરફાર કરીને સુધારો વધારો કરીને અથવા તેમાં મરામત કરીને કમિશ્નરે બાંધેલ ફેરફાર કરેલું અથવા મેળવેલું કોઈપણ ઘર ફેરવી શકશે તેમાં વધારો કરી શકશે તેને મરામત કરી શકશે અથવા તેને સુધારી શકશે.

રહેણાંકની સગવડ માટે કમિશ્નરને કલમ ૨૮૪(૨)(આઈ) મુજબ સત્તા આપવામાં આવી છે જે મુજબ ગરીબ વર્ગો માટેની ઈમારતો બાંધવા માટેની જગ્યા તરીકે કોઈપણ જમીન તેની ઉપરની ઈમારતો સંપાદન કરી શકશે.

કોર્પોરેશન સીવાયની વ્યક્તિઓ તરફથી ગરીબ વર્ગો માટે કોઈ જમીન ઉપર ઈમારતો બાંધવાની ઈચ્છે તે જમીન ભાડા પટ્ટા અથવા વેચાણ માટે ગરીબ ગર્વોની વ્યક્તિઓ માટે અથવા તે વ્યક્તિઓની સગવડ માટેની ઈમારતો, બગીચાઓ, કારખાના, ઉદ્યોગ, શાળાઓ, ઉપવન, આનંદપ્રમોદના સાધનો અને બીજા કામો અથવા ઈમારતોની જોગવાઈઓ કરવા નિભાવવા, સુધારવા બાબત ઈમારત બાંધવાની એસ્ટેટ તરીકે જમીનના વિકાસ માટે કમિશ્નરના અભિપ્રાય મુજબ જરૂરી અથવા ઈષ્ટ હોય અથવા આનુષંગીક હોય તેવા હેતુઓ માટે તેનો ઉપયોગ કરવાના હેતુથી સંપાદન કરેલ જમીનના કોઈ પણ ભાગના પટ્ટા અથવા વેચાણ માટે કમિશ્નરને સત્તા આપવામાં આવી છે.

રહેઠાણની સગવડ માટે જમીન સંપાદન કરવા માટે કમિશ્નરને કલમ ૨૮૪(૨)(આઈ) મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટમાં સત્તાઓ આપવામાં આવી છે. કમિશ્નર કલમ ૭૭ મુજબ જરૂરી મંજુરી મેળવીને એટલે કે કબુલાતનામાથી સંપાદન કરી શકે છે અથવા સ્થાયી સમીતિની મંજુરીથી આ અધિનિયમની જોગવાઈઓ મુજબ રાજય સરકારને સાદર કરેલા અને તેણે બહાલ કરેલ ફરજીયાત સંપાદન કરવા બાબતના હુકમ દ્વારા તે હેતુઓ માટે જમીન મેળવવાની સત્તા આપી શકે છે.

જમીનની તે હેતુઓ માટે તાત્કાલિક જરૂર ન હોય તો પણ કમિશ્નર રાજય સરકારની સમંતિ લઈને અને તેણે મુકેલી કોઈપણ શરતોને આધીન રહીને કલમ ૨૮૪(૨)(આઈ) ના હેતુઓ માટે જમીન સંપાદન કરી શકે છે.

પરંતુ કમિશ્નરને તે હેતુઓ માટે ફરજીયાત રીતે કોઈપણ જમીન સંપાદન કરવાનો અધિકાર આપ્યો નથી સીવાય કે રાજય સરકારને એમ લાગે કે જે તારીખથી તે ફરજીયાત સંપાદન કરવા બાબતના હુકમનો અમલ કરે તે તારીખથી દશ વર્ષની અંદર કોઈપણ જમીનનો તે હેતુઓ માટે જરૂર પડવા સંભવ છે.

આ અધિનિયમની જોગવાઈઓ આ કલમ મુજબ કરેલ ફરજીયાત સંપાદન કરવા બાબતના હુકમના અમલ કાયદેસર પણા અને તારીખ સબંધમાં અમલમાં આવશે.

જે જમીન સરકારની અથવા કોઈપણ સ્થાનિક સત્તામંડળની મિલ્કત હોય અથવા કોઈપણ ગેસ, વિજળી અથવા વારીગૃહ અથવ જાહેર ઉપયોગનું તેવું જ બીજા કામ બાંધવા, ચલાવવા અને ચાલુ રાખવા કમાયદેસર અધિકાર અપાયેલ કોઈપણ કોર્પોરેશનની મિલ્કત હોય અને તેવા કોર્પોરેશનના હેતુઓ સારૂ સંપાદન કરવામાં આવી હોય અથવા જે ફરજીયાત સંપાદન કરવા બાબતના હુકમની તારીખે કોઈપણ બાગ, બગીચા અથવા આનંદપ્રમોદના મેદાનનો ભાગ હોય તે કોઈપણ જમીન કરલમ ૨૮૪(૨)(આઈ) ના હેતુઓ માટે ફરજીયાત રીતે સંપાદન કરવાનો અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરને મળશે નહિ.

સાર્વજનિક શરતો અથવા રસ્તાઓ અને જમીન ઉપર ખુલ્લી જગ્યાઓ આંકિ શકશે અને બાંધી શકશે.

સ્થાયી સમીતિની સમંતીથી કોઈપણ વ્યક્તિને જમીન અથવા તેનો ભાગ એ હેતુ માટે અને તે શરતો મુજબ વેચી શકશે અથવા પટ્ટે આપી શકશે છે તે વ્યક્તિ તેણે મંજુર કરેલા પ્લાન અનુસાર તે ઉપર કમિશ્નર નક્કિ કરે તેટલી સંખ્યામાં ગરીબ વર્ગો માટે યોગ્ય ઈમારત બાંધી શકશે અને નિભાવી શકશે. જરૂર હોય ત્યાં સાર્વજનિક શેરીઓ, રસ્તાઓ અને જમીન ઉપર ખુલ્લી જગ્યાઓ આંકશે અને બાંધી શકશે ગરીબ વર્ગોની વ્યક્તિઓ માટે અથવા તેમની સગવડો માટે ઘરો અને બગીચારો, આનંદપ્રમોદની જગ્યાઓ અને બીજા કામો અથવા ઈમારતોની જોગવાઈ કરવા નિભાવવા અને સુધારવા સુદ્ધા કમિશ્નરને મંજુર કરેલા પ્લાન મુજબ જમીનના વિકાસ માટે જરૂરી હોય આનુષંગીક હોય તે હેતુ માટે જમીનનો ઉપયોગ કરી શકે છે.

ગાંધીનગરમાં વિકાસના આડે આવતા ઝુંપડા હટાવી આવી રીતે જમીન સંપાદન કરી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ ગરીબ વર્ગો માટે જમીન સંપાદન કરી રહેઠાંણ હેતુ માટે ઈમારતો બાંધી શકે છે અને ગરીબોને ન્યાય અપવી શકે છે પરંતુ આ બધુ રાજકિય ઈચ્છા શક્તિ વગર શકય બનતું નથી.

# સૌ જનના સુખ કારણે, કીધું જે કંઈ કામ; ધરણી તળમાં ધન્ય તો, નિર્મળ તેનું નામ

સૌ જનના સુખ કારણે, કીધું જે કંઈ કામ;
ધરણી તળમાં ધન્ય તો, નિર્મળ તેનું નામ;
એવા જનનો જગતમાં, કરવો જરા વિસ્તાર;
આપ્યો મુજને ઈશ્વરે, એ માટે અવતાર.

- દલપત કવિ

ચૂંટણીન સમય નજીક આવતાં જ નાના-મોટા અબાલ-વૃદ્ધ સૌ કોઈ ચર્ચા-વિચારણા અને વિચાર-વિમર્શ કરતા થઈ જાય છે કે આ વર્ષે કોને લોકમત વધુ સંખ્યામાં મળશે ? આજે પણ અમુક વર્ગ એવો છે કે જે વિચારે છે કે આપણા એકલાના વિચારવાથી કે મત આપવાથી શું ફેર પડશે ? પણ બાકીના મોટાભાગના લોકો પરિવર્તન, પ્રગતિ અને વિકાસ માટેના ભાગીદાર બનવાનો પ્રયત્ન કરે જ છે. અને તે માટે યોગ્ય વ્યક્તિને, યોગ્ય પક્ષને સફળતા પણ મળે તે માટે પ્રયત્નશીલ પણ રહે જ છે. આપણે જયારે પણ મૂંઝવણ અનુભવીએ કે કોઈ સમસ્યાનો ઉકેલ મેળવવામાં અસમર્થ રહીએ ત્યારે આપણે ઈતિહાસના પાના ઉથલાવીએ છીએ. ભૂતકાળમાં બનેલી ઘટનાો, બાબતો અને પુરાવાઓને આધારે આપણને આજની સમસ્યા કે પ્રશ્નોનું નિવારણ કરવાનો રસ્તો મળી રહે છે. અને આવી જ રસપ્રદ, રોચક અને પ્રેરક વાતોનો એક સુંદર સંગ્રહ એટલે 'સૌરાષ્ટ્રની રસધાર'! શ્રી ઝવેરચંદ મેઘાણીએ વર્ણવેલી આ વાત ઘણું બધું સૂચન કરી જાય છે :

સિહોરા ગામના દરબારની ડેલીએ તે દિવસ બાપ-દીકરા વચ્ચે રકઝક થઈ રહી છે. સોળ વરસનો રાજબાળ આતોભાઈ ભાલે ને તરવારે તૈયાર થઈ ઘોડીના પાગડામાં પગ નાખી ચડવા જાય છે, અને બુઢ્ઢા બાપુ અખેરાજજી એનું બાવડું ઝાલી મનાવી રહ્યા છે : 'ભાઈ, એણ ન ચડાય, તારાથી ન ચડાય. તું મારે એકનો એક છો. તું ગોહિલ - ગાદીનો રખેવાળ છો.'

'બાપુ, બાવડુ મેળી દ્યો, હું પગે પડું છું, મેલી દ્યો.'

સોળ વરસની એની અવસ્થા હતી. પરણ્યા પછી પહેલી રાતે જેમ કન્યા શરમાતી શરમાતી કંથના ઓરડામાં આવતી હોય તેમ જુવાની પણ આતાભાઈના અંગમાં ધીરે ધીરે પ્રવેશ કરી રહી હતી. હજુ ઘૂંઘટ નહોતો ઉઘાડ્યો.

તે દિવસે બપોરે દરબારગઢની ડેલી ઉપરની મેડીમાં આતાભાઈની આંખ મળી ગઈ હતી. અચાનક ઊંઘમાંથી ઝબકી ઊઠ્યો, અને કઠોડામાં આવીને જોયું તો ડેલીએ એક બુઢ્ઢો અને એનાં બાળબચ્ચાં ધ્રુસકે ધ્રુસકે રોતાં હતાં. કુંવરે પૂછ્યું : 'એલા કોણ છો ?'

'અન્નદાતા, દલિત છીએ.'

'કેમ રુઓ છો?'

'બાપુ, અમે આ નેસડા ગામમાં રહીએ છીએ, મારા દીકરીને ઘેલશાના બરવાળે પરણાવી છે. બાઈ નાની છે, ને જમાઈ બહુ કપાતર મળ્યો છે. બાઈને મારી મારીને અધમુઈ કરે છે. દુઃખની મારી દીકરી આંહી ભાગી આવેલી. વાંસેથી એને તેડવા આવ્યાં તે અમે ન મોકલી, એટલે ઘેલાશાના કાઠી ઘોડે ચડીને આવ્યા, તે હમણાં જ દીકરીને ઘોડે નાખીને બરવાડે ઉપાડી ગયા. બાપુ ! મારી પારેવડી જેવી દીકરીનું શું થાશે ? અમારા દલિતનું કોઈ ધણી ન મળે ?'

'અમારા દલિતનું કોઈ ધણી ન મળે !' એ વેણ જુવાન આતાભાઈના કલેજા સોંસરું પેસી ગયું.

'તારા ધણી બાપુ છે, રો મા.' એમ કહીને એણે નોકરોને હુકમ કર્યો : 'મારી ઘોડી હાજર કરો.'

પોતે હથિયાર ધરીને નીચે ઊતર્યો. ઘોડીને પલાણ નાખવાની વાટ ન જોઈ.

ઉપર ચડે, ત્યાં ગઢમાંથી બાપુ અખેરાજજીએ સાદ કર્યો : 'ભાઈ, ઊભો રહે.' આવીને બાપુએ ઘોડીની લગામ ઝાલી લીધી. દીકરાનું બાવડું ઝાલ્યું. અખેરાજજીને એ એકનો એક દીકરો હતો. દરબારનો બુઢાપો હતો.

કુંવર બોલ્યો, 'બાપુ, અત્યારે મને રોકો મા, આ દલિતની છોકરીને અને મારે છેટું પડે છે. એ કહે છે કે અમારો કોઈ ધણી નથી !'

'બાપ, તુંથી જવાય નહિ, ફોજ મોકલું.'

'ના, બાપુ, મારે એકલાને જ જાવું છે.'

'બેટા, એકલા ન જવાય; દુશ્મનો કયાંક મારી પાડે.'

'બાપુ, છોડી દ્યો, આપણે રાજા : વસ્તીનું રક્ષણ કરવા આપણે જાતે જ ચડવું પડે.'

'ના, મારા બાપ! આખું કટક જાય, પણ તું નહિં. તું હજી બાળખો છો.'

આતાભાઈએ બાપની મરજાદની હદ આવતી હોય એમ થયું. એના હોઠ ફફડવા લાગ્યા, એના મોઢા ઉપર લાલ લાલ લોહી ધસી આવ્યું, તોય બાપુ સમજ્યા નહિં; ત્યારે એણે બાપનો હાથ ઝોંટી, ઘોડીને એડી મારી કહ્યું : 'ખસી જા ભગતડા ! એમ રાજ ન થાય !'



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

જોતજોતામાં તો પંથ કાપી નાખ્યો. દૂર દૂશ્મનોને દીઠા. બે અસવારો છે, એકની બેલાડ્યે બાઈ માણસ બેઠેલું છે. બાઈની ચૂંદડી પવનમાં ઊડતી જાય છે. વગડામાં અબળા ધા ઉપર ધા નાખી રહી છે. બીજો અસવાર એની પાછળ ઘોડી દોડાવતો પોતાની ઝગમગતી બરછી બતાવીને બાઈને ડરાવતો જાય છે. 'દલિતનું કોઈ ધણી નહિ' એવી ધા સંભળાય છે. વગડામાં કામ કરતાં લોકો ઊભા થઈ રહે છે અને વીલે મોંએ વાતો કરે છે : 'બાઈ ભાગેડુ લાગે છે.'

સોળ વરસનો એકલવાયો આતોભાઈ આ ત્રાસ જોતો, ઘોડીને દબાવતો, વંટોળિયો જેવો વેગ કરતો, લાલચટક મોઢે લગોલગ આવી પહોંચ્યો. ખળખળિયા વોંકળાને વટોળી બરાબર સામા કાંઠા ઉપર ચડ્યો. હાક પાડી : 'હાં કાઠીડાઓ ! હવે માટી થાજો : અબળાને ઉપાડી જનાર શૂરવીરો ! સૂરજનો પોતરાઓ ! હવે માટી થાજો, હું આતોભાઈ !'

ત્યાં તો ઘોડામાં ભેટંભેટો થઈ ગયાં. કાઠીડાઓ બરછીનો ઘા કરે તે પહેલાં તો આતાભાઈનો ભાલો એકની ઘોડીનાં તોરિંગમાં પાટિયાં વીંધીને પાર થઈ ગયો, અને બીજાનું બાવડું તરવારને એક ઝાટકે ઉડાવી નાખ્યું.

કાઠીઓને જીવ બચાવવાની બાજી બારી નહોતી રહી. પોતાની છાતી સાથે બાંધેલા બંધ છોડી નાખીને અસવારે દલિત કન્યાને પડતી મૂકી દીધી. બેય જણા 'ભાગો! ભાગો!' બોલતા નીકળી ગયા.

'બીશ મા હવે. હું આતોભાઈ, તારી તેરે ઊભો છું. આવી જા મારી બેલાડ્યે !' એમ બોલીને આતાભાઈએ બાઈનું કાંડું ઝાલ્યું. પોતાના પગનો પો'ચો ટટાર કરીનેકહ્યું : 'આના ઉપર પગ માંડીને આવી જા મારી વાંસે.'

કન્યા ઊભી થઈ રહી : 'બાપા, હું દલિત છું. તમને આભડછેટ...'

'આભડછેટ કેવાની વળી? તું તો અમારી બોન-દીકરી છો. આવી જા ઝટ ઘોડી માથે, નીકર આપણે બેય આંહીં ઠામ રહેશું. હમણાં કાઠીડાનું કટક આંબી લેશે.'

આતાભાઈને કન્યાને બેસાડ્યે લીધી. 'હા, હવે મારા ડિલને બરાબર ઝાલી રાખજે, નીકર પડીશ નીચે ને મનેય પાડીશ. ઝાલ્ય, બરાબર ઝાલ્ય!' એવી બથ્થડ વાણી બોલતો આતોભી ઉઘાઢી સમશેરે વગડો ગજવતો પાછો વળ્યો. ઘોડાના સફેદ દૂધિયા પૂછનો ઝંડો, કન્યાની ઓઢણી અને જુવાન આતાભાઈની પાઘડીનું છોગું હવામાં ફરકતાં ગયાં.

માર્ગે એને પોતાના પિતાનું મોકલેલ કટક મળ્યું. કટકને મોખરે દલિત કન્યાને બેલાડ્ય લઈને ઉઘાડી સમશેરે જયારે આતોભાઈ સિહોરની બજારે નીકળ્યો, ત્યારે હજારોની આંખોનાં તોરણ થઈ રહ્યાં હતા. આતાભાઈના આ પહેલા પરાક્રમ ઉપર એ હજારો નેત્રોની અંજળિઓ છંટાતી હતી. બાઈઓ આ વીરનાં વારણાં લેતી હતી. દલિત કન્યા તો એ નાટારંભ કરતી ઘોડી ઉપર બાપુને જોરથી ઝાલીને જ બેઠી રહી.

ડેલીએ ઊતરીને એણે કન્યાનાં રોતાં માવતરને દીકરી સુપરત કરી. બાપુ અખેરાજજીને બાળોરાજા પગે લાગ્યો. ગદ્ગદ્ કંઠે દલિત કન્યાએ કહ્યું, 'બાપુ! હું નીચ વરણની નાર ઠરી. હું તુને તો શું આપું ?' આંતરડીની આશિષ આપું છું કે તું જયાં ચઢીશ ત્યાં તારી આવી જ ફતેહ થાશે.'

- ઝવેરચંદ મેઘાણી

nehalgadhavi101@gmail.com

# મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દીની ઉજવણીના મહોત્સવો



**અતિતની આજ**
**ડો. હરિ દેસાઈ**

મહાત્મા ગાંધીની સાર્ધશતાબ્દીની રાષ્ટ્રવ્યાપી ઉજવણીમાં સરકારો રમમાણ છે. હમણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાંડી ખાતે દાંડી સ્મારકનું ઉદઘાટન કર્યું. વર્ષ ૧૯૩૦માં દાંડી કૂચ થકી મીઠાનો સત્યાગ્રહ આદરીને મહાત્માએ અંગ્રેજ શાસનના મીઠાના અન્યાયી કાયદાને તોડવાનું કામ કર્યું હતું.આ પહેલાં વડાપ્રધાને રાજકોટમાં ગાંધીજીની શાળા આલ્ફ્રેડ સ્કૂલમાંથી નામાંતર પામીને મહાત્મા ગાંધી શાળા તરીકે ચાલતી શાળાને બંધ કરીને ત્યાં મ્યુઝિયમ શરૂ કર્યું હતું.મુખ્યમંત્રી તરીકે ગાંધીનગરમાં મોદીએ વૈશ્વિક સમારંભો યોજવા માટે મહાત્મા મંદિર નામક ભવ્ય ઈમારત બાંધી હતી. ગાંધીની સાદગી અને કુટીરો હવે નામશેષ થઈ ચુકી છે.હવે બધું મેગા સ્તરે થઈ રહ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિશે બાળપણ અને શાળાજીવનથી લઈને વર્તમાન પાકટ નિવૃત્તિ વય લગી મતમાં સતત પરિવર્તન આવતું રહ્યાની પ્રામાણિક કબૂલાત આપવી પડે. સાથે જ ભારતમાં જ નહીં,સમગ્ર વિશ્વમાં પોતાના વિચારપ્રભાવને પાથરવામાં સફળ રહેલા ગાંધીજીના યોગદાનને બિરદાવવા અને ભારતની ભોમકા પરના એમના ઋણને સ્વીકારવું ય પડે. શક્ય છે કે મહાત્મા વિશે મત બદલાય તો જેમ ગાંધીજીએ નોંધ્યું છે તેમ આપણા મતમાં ય કોઈ વિરોધાભાસ જણાય તો પાછળના સમયે વ્યક્ત થયેલા વિચારને આખરી મત ગણવો. ગાંધીજીએ ક્યારેય મૌલિકતાનો દાવો કર્યો નથી. સત્ય અને અહિંસા તો અનાદિકાળથી ચાલતાં આવ્યાં છે. ગાંધીજીના પૂર્વસૂરિઓએ સાધનશુદ્ધિનો માર્ગ જ સ્વીકાર્યો છે.

**મતભિન્નતા છતાં આદરભાવ**

પ્રારંભમાં જ એટલી વાત જરૂર નોંધી લઈએ કે મહાત્મા વિશે કોઈ તબક્કે અમને એમના અમુક નિર્ણય બાબતે અણગમો થયો હશે, પણ એમના રાષ્ટ્રીય અને વૈશ્વિક યોગદાનને નકારવા જેટલી ગુસ્તાખી તો કોઈપણ તબક્કે કરાઈ નથી.બીજી મહત્વની બાબત એ છે કે મતભિન્નતા છતાં આદરભાવ વ્યક્ત કરવાનું સહજ છે.ત્રીજું, મહાત્મા કે તેમના સાથીઓ જેવાં વિરાટ વ્યક્તિત્વોના યોગદાન વિશે અભિપ્રાય વ્યક્ત કરવામાં ક્યારેક ગજા બહારની વાત થઈ પણ શકે. આમ છતાં ગાંધીજીના તુલનાત્મક અભ્યાસી તરીકે કેટલીક બાબતો અહીં નોંધવાની કોશિશ કરું છું. મહાત્મા ગાંધીએ સમાજપરિવર્તન માટેની આહ્ન?લેક જગાવી અને એમાંથી આઝાદી તો આડપેદાશ (બાય પ્રોડક્ટ) હતી એ આપણે સમજવાની જરૂર છે.આઝાદી આવ્યા પછી ભારત મહાત્માના માર્ગે ચાલ્યું નહીં એ હકીકત સ્વીકારવી પડે.બાપુના આગ્રહો અને દુરાગ્રહો અંગે એમના બે પટ્ટશિષ્યો પંડિત નેહરુ અને સરદાર પટેલ પણ ભિન્ન મત ધરાવતા હતા.સરદારના શબ્દો હતાઃ ''બાપુ, તમે તો મહાત્મા છો.મારે તો દેશ ચલાવવાનો છે.'' મહાત્માની વાત કરવાની હોય ત્યારે એ અનંત સુધી લંબાઈ શકે,પણ આપણે થોડીક વાતો કરીશું.

**મુસ્લિમ તુષ્ટીકરણ અને ભારતના ભાગલા**

સામાન્ય રીતે મહાત્મા ગાંધીને મુસ્લિમોના તુષ્ટીકરણ અને બ્રિટિશ ઈન્ડિયાના ભાગલા માટે જવાબદાર ગણવામાં આવે છે અને એ મુદ્દે જ ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ની સંધ્યાએ નથુરામ ગોડસેએ એમની હત્યા કરી હતી. હકીકતમાં મહાત્મા ગાંધી ભાગલા ટાળવા માટે કોઈપણ પ્રકારનું સમાધાન કરવાના પક્ષધર હતા.એટલી હદ સુધી કે કાઈદ-એ-આઝમ મોહમ્મદ અલી ઝીણાને સ્વતંત્ર ભારતનું વડાપ્રધાનપદ ઓફર કરીને પણ ભાગલા ટળે એ માટે પણ દાવ અજમાવી જોયો હતો. ભારત હિંદુ અને મુસ્લિમોની પોતીકી ભોમકા હોવાને કારણે બધા સાથે જ રહે અને મુસ્લિમો માટે અલગ રાષ્ટ્રની ઝીણાની માંગણી યોગ્ય નહીં હોવાનું ગાંધીજી છેલ્લે સુધી માનતા રહ્યા હતા.ભાગલા તો મારા મૃત શરીર પર થાય, એવું માનનારા ગાંધીજી નોઆખલી હતા ત્યારે વાઈસરોય લોર્ડ માઉન્ટબેટન અને તેમના બંધારણીય સલાહકાર વી.પી.મેનનની ભાગલાની યોજના બાબતે સરદાર પટેલ અને પંડિત નેહરુએ (એ જ ક્રમમાં ) જીભ કચર્યા પછી મહાત્મા પાસે ઝાઝા વિકલ્પ રહ્યા નહોતા. અત્રે એ નોંધવું રહ્યું કે આઝાદીની લડાઈમાં કોંગ્રેસના નેતાઓ ૧૯૪૨ની હિંદ છોડો હાકલ પછી જેલવાસ ભોગવતા હતા ત્યારે અંગ્રેજનિષ્ઠ પ્રાંતિક સરકારોમાં પાકિસ્તાનવાદી મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભા સાથે મળીને બંગાળ, સિંધ અને વાયવ્ય પ્રાંતમાં સત્તાનો ભોગવટો કરતાં હતાં.

> - **ગાંધીએ સમાજપરિવર્તન માટેની આહ્લલેક જગાવી અને એમાંથી આઝાદી તો આડપેદાશ (બાય પ્રોડક્ટ) હતી**
> - **મહાત્માએ કાઇદ ઝીણાને વડાપ્રધાનપદ ઓફર કરીને ભાગલા ટળે એ માટેનો દાવ અજમાવી જોયો હતો**
> - **ગાંધીજી ઉવાચઃ હિંદુ હોવા માટે હું ખસૂસ ગર્વ લઉં છું,પરંતુ મારો હિંદુ ધર્મ અસહિષ્ણુ કે વાડાબંધીવાળો નથી**
> - **ગાંધીજી તો સદીઓમાં ક્યારેક જ જન્મે અને આપણે એમના વ્યક્તિત્વને મૂલવવામાં સાવ જ ઉણા ઉતરવાના**
> - **અંગ્રેજનિષ્ઠ સરકારોમાં મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાનાં બંગાળ, સિંધ અને વાયવ્ય પ્રાંતમાં સહશયન**

**સરદાર પટેલને અન્યાય**

મહાત્મા ગાંધીને માથે પોતાના નિકટના સાથી સરદાર વલ્લભભાઈ પટેલને વડાપ્રધાન નહીં થવા દેવાનો અને ગગનવિહારી પંડિત જવાહરલાલ નેહરુને એ હોદ્દા માટે પસંદ કરવાનો દોષ મઢવામાં આવે છે.હજુ આજે પણ નેહરુની ભાંડણલીલામાં રમમાણ લોકો ''સરદારને અન્યાય''ની માળા જપતા રહે છે.દાયકાઓ સુધી અમે પણ આ પ્રકારના દોષનો ટોપલો ગાંધીજીને શિરે લાદતા રહ્યા હતા.એ પ્રકારના લેખો લખતા રહ્યા.સંભવતઃ સરદાર પ્રત્યેનો પ્રેમભાવ અને નેહરુ ભણી કેળવાયેલા અણસમજુ અભાવમાંથી જ આ મત બંધાયો હશે.વર્ષ ૧૯૯૭માં શાહીબાગસ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકના સરદાર મેમોરિયલ વ્યાખ્યાન આપવા માટે મુંબઈથી સમકાલીનતંત્રી તરીકે આવવાનું થયું ત્યારે ય આ જ મત હતો. જોકે એ પછી વિશદ અભ્યાસ, સરદાર-પુત્રી મણિબહેન થકી દુર્ગાદાસના સરદાર ગ્રંથોની પ્રસ્તાવનામાં નોંધાયેલા શબ્દો ("The Sardar did not aspire to prime ministership ro any other high office." Sardar Patel's Corespondence 1945-50 Volume-I p.liv) તેમ જ ગાંધીજીના ''બાબલા'' નારાયણ દેસાઈની પહેલી ગાંધીકથાના ગૂજરાત વિદ્યાપીઠમાં શ્રવણ થકી અમારી સમજણ પાકી થઈ કે ગાંધીજીએ સરદારને વડાપ્રધાન નહીં બનાવવામાં કોઈ અન્યાય કર્યો નથી. ગાંધીજી દીર્ઘદ્રષ્ટા હતા અને એમણે ''બંને બળદને યોગ્ય રીતે જ ભારતના ગાડે જોતર્યા હતા''. અત્યારે સરદારને અન્યાયનાં ઢોલ પીટનારાઓની સંસ્થાના પૂર્વજો તો ગાંધીની હત્યા થઈ ત્યારે મીઠાઈઓ વહેંચીને હરખ મનાવતા હતા અને ''હિંદુ મહાસભાની સાવરકરના હાથ નીચેની એક ઝનૂની પાંખે આ કાવતરું રચ્યું અને પાર ઉતાર્યું હતું'', એવું સ્વયં સરદાર પટેલે એ વેળા ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના પત્રમાં નોંધ્યું છે! સરદાર પટેલે પોતાને વડાપ્રધાન નહીં બનાવીને ગાંધીજીએ અન્યાય કર્યાની વાત કોઈની આગળ કહી નથી કે ના કોઈ પત્રમાં નોંધી છે. મહાત્મા પોતે સરદારના તબીબ હતા અને તે સુપેરે જાણતા હતા કે પટેલની તબિયત નાદુરસ્ત રહે છે. શેઠ (સરદાર) કરતાં ડાહ્યા અત્યારના વાણોતર જ ગાંધી અને નેહરુને ભાંડીને પોતાનાં તરભાણાં ભરવા સરદારને અન્યાયની વાતો વહેતી કરે છે.

**ગાંધીજીની દ્રષ્ટિએ હિંદુધર્મ**

ગાંધીજીની હિંદુ ધર્મની વિભાવના કેવી હતી એ ''મહાત્મા ગાંધીઃ પૂર્ણાહુતિ''ના ચતુર્થ ખંડમાં એમના સચિવ રહેલા પ્યારેલાલે સુપેરે ટાંકી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાઓ ગાંધીજીને દિલ્હીની વાલ્મીકિ કોલોનીમાં પોતાના કાર્યક્રમમાં લઈ ગયા હતા.તેમણે મહાત્માને ''હિંદુ ધર્મે પેદા કરેલા એક મહાપુરુષ'' તરીકે વર્ણવ્યા.જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે, હિંદુ હોવા માટે હું ખસૂસ ગર્વ લઉં છું,પરંતુ મારો હિંદુ ધર્મ અસહિષ્ણુ કે વાડાબંધીવાળો નથી.મારી સમજ પ્રમાણે, હિંદુ ધર્મની શોભા એ છે કે, બધા ધર્મોનાં સારાં તત્વો તે અપનાવે છે.હિંદુઓ માનતા હોય કે, હિંદમાં સમાન અને માનવંત ધોરણે બિનહિંદુઓ માટે સ્થાન નથી અને

અનુસંધાન પાના નં ૭ પર